# <u>કરમસદ આણંદ મહાનગરપાલિકા</u>

## <u>Citizen Facility (નાગરીક સુવિધા વિભાગ)</u>

નાગરીક સુવિધા વિભાગમાં એક જ સ્થળે નાગરિકલક્ષી સેવાઓ પૂરી પાડવામાં આવે છે. નીચેના વિભાગમાં તમને જરૂરી નાગરીકલક્ષી સેવા માટેનું ફોર્મ, આવશ્યક દસ્તાવેજોની યાદી તેમજ તે માટેનું જરૂરી માર્ગદર્શન મળી રહેશે. નાગરીકની જરૂરિયાતને અનુરૂપ સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

### ફોર્મની સેવાઓ:-

1. જન્મ અંગેનું પ્રમાણપત્ર મેળવવા બાબતનુ ફોર્મ
2. મરણ અંગેનું પ્રમાણપત્ર મેળવવા બાબતનુ ફોર્મ
3. શોપ એક્ટ અંગેનું પ્રમાણપત્ર મેળવવા બાબતનુ ફોર્મ
4. પાણી અને ગટર કનેક્શન મેળવવા બાબતનુ ફોર્મ

### અન્ય સેવાઓ:-

1. ટપાલ ઇનવર્ડ - આઉટવર્ડ
2. સામાન્ય પહોંચ (પરચૂરણ આવક)

# કરમસદ આણંદ મહાનગરપાલિકા

# કોમ્યુનિટી હોલ

## નિયમો:-

- હોલ વપરાશ કરવાની ઈચ્છા ધરાવનાર વ્યક્તિ કે પ્રતિનિધિએ નિયમ ફોર્મમાં પુરી માહિતી સાથે અરજી કરવી પડશે.
- બુકિંગ આણંદ નગરપાલિકા ઓફીસ જ રજાઓના દિવસ સિવાય બાકીના દિવસોમાં ઓફીસ ટાઈમ દરમ્યાન થશે.
- કાર્યક્રમ અંગેનું જરૂરી સરકારી લાઇસન્સ મેળવવાની જવાબદારી વાપરનારની રહેશે.
- વપરાશનો સમય સવારના ૬થી રાત્રિના ૧૨ કલાક સુધીનો છે.
- લગ્ન માટે એકજ દિવસ એકજ વ્યક્તિને આપી શકશે.
- એડ્વાન્સ બુકિંગ ૬ માસ અગાઉ કરવાનું રહેશે. વધુમાં હોલ ખાલી હશે તો તે પ્રસંગે નગરપાલિકા ના નિયમ મુજબ ફી વસુલ લઈ પ્રમુખશ્રીની મંજુરીથી હોલ ભાડે આપવામાં આવશે.
- જે તારીખે બુકિંગ થઈ ગયું હશે તે તારીખ મુકરર રહેશે અને ત્યારબાદ તારીખ બદલી આપવામાં આવશે નહીં, પરંતુ ખાસ સંજોગોમાં અને સગવડ હશે તો પ્રથમ નક્કી કરેલ તારીખને બદલે ફક્ત એકજ વખત તારીખ બદલી આપવા પ્રમુખશ્રી મુખત્યાર છે. તારીખ બદલી આપવાની લાગત ફી નિયમોનુસાર લેવામાં આવશે.
- હોલ વાપરવા રાખનારે હોલ સિવાય વધારાનું લાઇટ, ખુરશી, મંડપ, લાઉડ સ્પીકર વગેરે વ્યવસ્થા પોતે કરવાની રહેશે.

# <u>કરમસદ આણંદ મહાનગરપાલિકા</u>

## <u>સરદાર પટેલ બેન્કવેટ હૉલ</u>

<u>નિયમો:-</u>

<table>
<tr><th>ક્રમ</th><th>પ્રસંગ (કાર્યક્રમની વિગત)</th><th>ભાડું રૂપિયા</th><th>ડિપોઝિટની રકમ રૂપિયા</th></tr>
<tr><td>૧</td><td>લગ્ન પ્રસંગ/ અન્ય પ્રસંગ<br>(૧ દિવસનું)</td><td>૪૦૫૦૦/-</td><td>૨૫૦૦૦/-</td></tr>
<tr><td rowspan="4">૨</td><td>મીટીંગ માટે</td><td rowspan="4">૨૯૭૮૦/-<br>(૧ શિફ્ટના)</td><td rowspan="4">૫૦૦૦૦/-</td></tr>
<tr><td>પ્રથમ શિફ્ટ સવારે ૮-૦૦ થી ૧૨-૦૦</td></tr>
<tr><td>બીજી શિફ્ટ સવારે ૧-૦૦ થી ૫-૦૦</td></tr>
<tr><td>ત્રીજી શિફ્ટ સવારે ૬-૦૦ થી ૧૦-૦૦</td></tr>
<tr><td rowspan="4">૩</td><td>બેસણા માટે</td><td rowspan="4">૧૨૯૮૦/-<br>(૧ શિફ્ટના)</td><td rowspan="4">૧૧૦૦૦/-</td></tr>
<tr><td>પ્રથમ શિફ્ટ સવારે ૮-૦૦ થી ૧૨-૦૦</td></tr>
<tr><td>બીજી શિફ્ટ સવારે ૧-૦૦ થી ૫-૦૦</td></tr>
<tr><td>ત્રીજી શિફ્ટ સવારે ૬-૦૦ થી ૧૦-૦૦</td></tr>
<tr><td>૪</td><td>કોમર્શિયલ ઉપયોગ માટે (૧ દિવસનું)</td><td>૯૯૫૦૦/-</td><td>૫૦,૦૦૦/-</td></tr>
</table>

- નોંધ:- વીજળી વપરાશની રકમ તથા ગેસ યુનિટ વપરાશની રકમ અલગથી ફોર્મમાં જણાવેલ નીતિ નિયમ મુજબ રોકડેથી ભરવાની રહેશે.

# <u>કરમસદ આણંદ મહાનગરપાલિકા</u>

## <u>પ્રમુખ સ્વામી અર્બન કોમ્યુનીટી હોલ (સાંગોળપુરા)</u>

<u>નિયમો:-</u>

| ક્રમ | પ્રસંગ (કાર્યક્રમની વિગત) | ભાડું રૂપિયા | ડિપોઝિટની રકમ રૂપિયા |
|---|---|---|---|
| ૧ | **લગ્ન પ્રસંગ/ અન્ય પ્રસંગ (૧ દિવસનું)** | ૩૦૦૦૦/- | ૨૦૦૦૦/- |
| ૨ | **મીટીંગ માટે** | ૨૦૦૦૦/- (૧ શિફ્ટના) | ૨૦૦૦૦/- |
| | પ્રથમ શિફ્ટ સવારે ૮-૦૦ થી ૧૨-૦૦ | | |
| | બીજી શિફ્ટ સવારે ૧-૦૦ થી ૫-૦૦ | | |
| | ત્રીજી શિફ્ટ સવારે ૬-૦૦ થી ૧૦-૦૦ | | |
| ૩ | **બેસણા માટે** | ૧૧૦૦૦/- (૧ શિફ્ટના) | ૧૦૦૦૦ |
| | પ્રથમ શિફ્ટ સવારે ૮-૦૦ થી ૧૨-૦૦ | | |
| | બીજી શિફ્ટ સવારે ૧-૦૦ થી ૫-૦૦ | | |
| | ત્રીજી શિફ્ટ સવારે ૬-૦૦ થી ૧૦-૦૦ | | |
| ૪ | **કોમર્શિયલ ઉપયોગ માટે (૧ દિવસનું)** | ૫૧૦૦૦/- | ૩૦૦૦૦/- |

- નોંધ:- વીજળી વપરાશની રકમ તથા ગેસ યુનિટ વપરાશની રકમ અલગથી ફોર્મમાં જણાવેલ નીતિ નિયમ મુજબ રોકડેથી ભરવાની રહેશે.

# <u>કરમસદ આણંદ મહાનગરપાલિકા</u>

## <u>યુનિટી કોમ્યુનીટી હોલ ( મહાવીર બાગ પાસે )</u>

<u>નિયમો:-</u>

| ક્રમ | પ્રસંગ (કાર્યક્રમની વિગત) | ભાડું રૂપિયા | ડિપોઝિટની રકમ રૂપિયા |
|---|---|---|---|
| ૧ | **લગ્ન પ્રસંગ/ અન્ય પ્રસંગ (૧ દિવસનું)** | ૧૨૫૦૦/- | ૧૧૦૦૦/- |
| ૨ | **મીટીંગ માટે** | ૬૫૦૦/- (૧ શિફ્ટના) | ૧૧૦૦૦/- |
| | પ્રથમ શિફ્ટ સવારે ૮-૦૦ થી ૧૨-૦૦ | | |
| | બીજી શિફ્ટ સવારે ૧-૦૦ થી ૫-૦૦ | | |
| | ત્રીજી શિફ્ટ સવારે ૬-૦૦ થી ૧૦-૦૦ | | |
| 3 | **બેસણા માટે** | ૫૦૦૦/- (૧ શિફ્ટના) | ૧૧૦૦૦/- |
| | પ્રથમ શિફ્ટ સવારે ૮-૦૦ થી ૧૨-૦૦ | | |
| | બીજી શિફ્ટ સવારે ૧-૦૦ થી ૫-૦૦ | | |
| | ત્રીજી શિફ્ટ સવારે ૬-૦૦ થી ૧૦-૦૦ | | |
| ૪ | **કોમર્શિયલ ઉપયોગ માટે (૧ દિવસનું)** | ૧૯૨૦૦/- | ૨૦૦૦૦/- |

- નોંધ:- વીજળી વપરાશની રકમ તથા ગેસ યુનિટ વપરાશની રકમ અલગથી ફોર્મમાં જણાવેલ નીતિ નિયમ મુજબ રોકડેથી ભરવાની રહેશે.

# કરમસદ આણંદ મહાનગરપાલિકા

## કોમ્યુનિટી હોલ નં-૧ પાયોનીયર સ્કૂલ પાસે એ.સી.હોલ

## કોમ્યુનિટી હોલ નં-૨ ઓવરબ્રીજ પાસે એ.સી.હોલ

## કોમ્યુનિટી હોલ નં-૫ મંગળપુરા

**નિયમો:-**

| ક્રમ | પ્રસંગ (કાર્યક્રમની વિગત) | ભાડાની રકમ રૂપિયા | ડિપોઝિટની રકમ રૂપિયા |
|---|---|---|---|
| ૧ | લગ્ન તથા અન્ય પ્રસંગ (૧ દિવસ ચાર્જની રકમ) | ૭૪૦૦/- | ૧૧૦૦૦/- |
| ૨ | મીટીંગ માટે (૧ દિવસ ચાર્જની રકમ) | ૪૪૫૦/- (૧ શિફ્ટના) | ૧૧૦૦૦/- |
| ૩ | બેસણા માટે (૧ દિવસ ચાર્જની રકમ) | ૨૯૫૦/- (૧ શિફ્ટના) | ૧૧૦૦૦/- |
| ૪ | કોમર્શીયલ વપરાશ માટે (૧ દિવસ ચાર્જની રકમ) | ૧૯૨૦૦/- | ૨૫૦૦૦/- |
| ૫ | ગેસ વપરાશ ૧ યુનિટ ચાર્જની રકમ | --- | --- |
| ૬ | લાઇટ વપરાશ ૧ યુનિટ ચાર્જની રકમ | --- | --- |

# કરમસદ આણંદ મહાનગરપાલિકા

## ધીરજલાલ જગજીવનદાસ શાહ (ટાઉન હૉલ)

### નિયમો:-

- જ.બો.ઠ.નં.૯૧, તા.૨૫/૯/૨૦૦૦ તથા જ.બો.ઠ.નં.૭૮, તા.૨૩/૭/૨૦૦૪ થી ટાઉનહૉલ ભાડેથી આપવા અંગેના નિયમો બનાવેલ છે. હાલમાં નગરપાલિકા ટાઉનહૉલ જ.બો.ઠ.નં.૧૨૬, તા.૩૧/૭/૨૦૦૮ તથા કા.ક.ઠ.નં.૩૦૬, તા.૨૪/૧૧/૨૦૦૮ થી લોકભાગીદારીથી સેન્ટ્રલી એરકન્ડીશન્ડ તેમજ સુધારા વધારા કરી શ્રી ધીરજલાલ જગજીવનદાસ શાહ નામ આપવામાં આવેલ છે. કા.ક.ઠે.નં.૧૫૩, તા.૪/૯/૨૦૦૯ તથા જ.બો.ઠ.નં.૧૩૭, તા.૮/૧૦/૨૦૦૯ થી નગરપાલિકા ટાઉનહૉલના ભાડે આપવા અંગેના નિયમોમાં સુધારા વધારા કરી નીચે મુજબના નિયમો બનાવવામાં આવેલ છે.
- દરરોજ નીચે લખ્યા મુજબ સમયની ત્રણ શીફ્ટ રહેશે તથા દરેક શીફ્ટનું ભાડું તથા ડીપોઝીટ તેની સામે જણાવ્યા મુજબની રકમ બુકીંગ વખતે પુરેપુરી લેવાની રહેશે. તથા આ ઉપરાંત ૫% સર્વિસ ચાર્જ (કેન્દ્રિય કર) સાથે ભરવાનો રહેશે.

| ટાઉનહૉલ – શીફ્ટ | ભાડું રૂપિયા | | ડીપોઝીટ રૂપિયા |
|---|---|---|---|
| સવારે ૮-૦૦ થી બપોરે ૧-૦૦ | રૂપિયા ૩૫૪૦/- રૂપિયા | + વીજળી ચાર્જ + સર્વિસ ટેક્ષ | રૂપિયા ૧૦,૦૦૦/- |
| બપોરે ૨-૦૦ થી સાંજે ૭-૦૦ | રૂપિયા ૪૭૨૦/- રૂપિયા | + વીજળી ચાર્જ + સર્વિસ ટેક્ષ | રૂપિયા ૧૧,૦૦૦/- |
| સાંજે ૮-૦૦ થી રાત્રે ૧-૦૦ | રૂપિયા ૫૯૦૦/- રૂપિયા | + વીજળી ચાર્જ + સર્વિસ ટેક્ષ | રૂપિયા ૧૨,૦૦૦/- |

- વધુમાં ઇલેક્ટ્રીક ચાર્જિસના શીફ્ટ પ્રમાણે રૂપિયા ૫,૦૦૦/- એડ્વાન્સ તરીકે આપવાના રહેશે તેમજ ખરેખર થયેલ વીજળી સામે તે મજરે આપશે.
- એક સાથે બે શીફ્ટ સળંગ બુક કરાવનારને વધારાના રૂપિયા ૧,૦૦૦/- અને એક સાથે ત્રણ શીફ્ટ સળંગ બુક કરાવનારને વધારાના રૂપિયા ૨,૦૦૦/- ભરવાના રહેશે.
- એક વ્યક્તિ કે સંસ્થા ધ્વારા એક કરતાં વધુ શીફ્ટ બુકીંગ એક સાથે કરાવે તો દિવસ દીઠ રૂપિયા ૨૦,૦૦૦/- ડીપોઝીટ ભરવાની રહેશે. જે ૭ દિવસ સુધી ડીપોઝીટ રોલીંગ રહેશે. ત્યારબાદ બીજી ડીપોઝીટ ભરવાની રહેશે.
- શીફ્ટ સમય પૂરો થતો હોય તો કબજો સોંપી દેવાનો રહેશે. જો કબજો સોંપવામાં નહીં આવે તો વધારાના ૧ કલાક દીઠ રૂપિયા ૧,૫૦૦/- લેખે ભાડું વસુલ કરવામાં આવશે અને નગરપાલિકાને જરૂર પડે તો ટાઉનહૉલ ખાલી કરીને કબજો પરત લેવા હક્કદાર છે.